| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૦૧/૧૧/૨૦૨૦ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૮૭૭/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૧/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૮ | ૦ | ૧૦૬૭૮ | ૧૬૮૦૮ | ૦ | ૧૬૮૦૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૦ | ૦ | ૫૦ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૨૭૨ | ૯ | ૧૫૨૮૧ | ૧૬૧૦૮ | ૯ | ૧૬૧૧૭ |
| | કુલ | ૩૦૩૪૬ | ૯ | ૩૦૩૫૫ | ૩૯૦૦૩ | ૯ | ૩૯૦૧૨ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૩ | ૫,૪૦,૯૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૫૩ | ૮,૫૩,૦૦૦/- |

# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**નરોડા પોલીસ સ્ટેશન :-**

## પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ પેટ્રોલીગ દરમ્યાન ભારતીય બનાવટની વિદેશીદારૂની ૧૬૪ બોટલ કિ.રૂ. ૮૨,૦૦૦/- તથા ઇનોવા ગાડી કિ.રૂ.૩,૦૦,૦૦૦/- મળી કુલ્લે રૂ.૩,૮૨,૦૦૦/- નો મુદામાલ પકડી પાડતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન તથા પો.ઇન્સ શ્રી જે.જી.પટેલ સાહેબ નાઓની સુચના આધારે પ્રોહીબીશનની બદી નેસ્તનાબુદ કરવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના ઇ.પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી જે.આર.પટેલ નાઓની સુચના મુજબ પો.સ.ઇ. ડી.કે.મોરી તથા સાથેના સર્વેલંસ સ્ક્વોડના માણસો નાઇટ પેટ્રોલીંગમા હતા. દરમ્યાન સાથેના પો.કો.વિક્રમસિંહ પ્રેમસિંહ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ નાઓની બાતમી હકીકત આધારે "નરોડા લક્ષ્મીવીલા-૨" ના "ઓ" બ્લોકના પાર્કીંગમા જાહેરમા ભારતીય બનાવટની વિદેશીદારૂની બોટલ નંગ-૧૬૪ કિ રૂ ૮૨,૦૦૦/-તથા ઇનોવા ગાડી નં- જી.જે-૧૮-બીબી-૫૧૩૨ કિરૂ.૩,૦૦,૦૦૦/- સાથે કુલ્લે રૂપીયા ૩,૮૨,૦૦૦/- મુદામાલ સાથે તા.૩૧/૧૦/૨૦૨૦ ના કલાક ૦૧/૦૦ વાગે નહી પકડાયેલ ઇનોવા ગાડી ચાલક વિરુધ્ધ ધી પ્રોહી કલમ-ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)બી, ૬૫એ.ઇ,૧૧૬(બી), ૯૮(૨) મુજબના ગુન્હો દાખલ કરી સારી કામગીરી કરેલ છે. તા.૩૧/૧૦/૨૦૨૦

**આરોપીનુ નામ**

ઇનોવા ગાડી નં- જી.જે-૧૮-બીબી-૫૧૩૨ નો ચાલક જેનુ નામઠામ મળી આવેલ નથી તે

**મુદ્દામાલ** ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ-૧૬૪ કિ રૂ ૮૨,૦૦૦/- તથા ઇનોવા ગાડી નં- જી.જે-૧૮-બીબી-૫૧૩૨ કિ રૂ ૩,૦૦,૦૦૦/- મળી કુલ્લે રૂ ૩,૮૨,૦૦૦/- નો મુદ્દામાલ

**કામગીરી કરનાર કર્મચારી**

સર્વે સ્વોડ પો.સ.ઇ. ડી.કે.મોરી તથાએ.એસ.આઇ જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં-૭૦૩૯ તથા એ.એસ.આઇ. જેઠાભાઇ બહેચરભાઇ બ.નં.૮૦૩૨ તથા કિરણ કલપ્પા બ. ન.૮૪૫૨ તથા જયેન્દ્રસિંહ કલ્યાણસિંહ બ.નં.૪૧૫૮ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં.૧૩૧૮૩ તથા પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૦૮૦૯ તથા પો.કોન્સ પિયુષ નટવરલાલ બ.નં-૧૦૧૭૬ તથા પો.કોન્સ પ્રદિપકુમાર રામાભાઇ બ.નં-૧૦૩૬૧ તથા એલ.આર વિક્રમ પ્રેમસિંહ બ.નં-૧૨૪૨૨તથા એલ.આર મયુરસિંહ કરણસિંહ બ.નં-૧૨૫૧૦.

# પાસા અટકાયતીની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :-

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૨૨૦૪/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(ઇ),૮૧,૯૮(૨), ૧૧૬(બી) મુજબના પ્રોહીબીશન સબંધેનો ગુનો દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૧૧૫૫/૨૦૨૦ તા.30/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે તા.૩૧/૧૦/૨૦૨૦ ના કલાકઃ૧૮/૩૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૩૧/૧૦/૨૦૨૦

### આરોપીનું નામ:-

જયદિપ ઉર્ફે ગબો સ/ઓ વિષ્ણુભાઇ મગનદાસ જાતે પટેલ ઉ.વ.૨૬ રહે.મ.નં.બી/૬૧,અમરનાથ સોસાયટી રઘુવીર સ્કુલની સામે ગોપાલ ચોક નવા નરોડા કૃષ્ણનગર અમદવાદ શહેર મૂળ વતન ગામ-ધનાલી તા.જોટાણા જી.મહેસાણા

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પોલીસ ઇન્સ. શ્રી જે.આર.પટેલ તથા એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ૰હે૰કો૰શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ૰નં૰૪૮૦૫ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા એલ.આર.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦

### આરોપીનો ફોટો



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, ૧૩૯ લીટર દેશી દારૂ, ૧૭૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૬૧ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૭૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૯/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૮૮૦/૨૦૨૦**

**વેજલપુર** : મોહંમદમુબીન ઈસ્માઈલભાઈ શેખ (રહે.અમ્માર ડુપ્લેક્ષ, પ્રિન્સ ડુપ્લેક્ષની પાછળ, બરફની ફેક્ટરીની આગળ, જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૧૦/૨૦૨૦ સાંજના ૬/૩૦ થી તા.૩૧/૧૦/૨૦૨૦ રાતના ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ રૂમમા પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૧,૮૨,૦૦૦/- અને રોકડ રૂપિયા ૬૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૪૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે.આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી **બી.ડી.ભટ્ટ** ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૮૮૧/૨૦૨૦**

**રાણીપ** : મનોજભાઇ કનૈયાલાલ જાટ (ઉ.વ.૩૨)(રહે.મુખીનો વાડો, નિલ બ્યુરેઝ ની પાસે, મોટેરા ગામ, ચાંદખેડા) તા.૩૦/૧૦/૨૦૨૦ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પ્રબોધરાવલ સર્કલ ટ્રાફીક કેબીન નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ એ ભેગામળી મનોજભાઇના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા.આ અંગેની ફરીયાદ મનોજભાઇ જાટ એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ચૌધરી ચલાવે છે.

**ઇસનપુર** : દિપમાલા વા/ઓ મુકેશભાઇ શાહ (ઉ.વ.૪૦)(રહે.શાકુંતલ એવન્યુ-૨ મંગ્લેશ્વર મહાદેવ પાસે, ઘોડાસર ઇસનપુર) તા.૩૧/૧૦/૨૦૨૦ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે ઘોડાસર મંગ્લેશ્વર મહાદેવ ત્રણ રસ્તા પાસે રોડ ઉપર ચાલતા પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ(૨૫ વર્ષના આશરાના) એ ભેગામળી દિપમાલાના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા.આ અંગેની ફરીયાદ દિપમાલા શાહ એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે.આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે. બારૈયા ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૮૨/૨૦૨૦</u>**

**નરોડા** : દીપસિંહ ગુલાબસિંહ ગઢવી (ઉ.વ.૬૬)(રહે.શિવ શક્તિ ફ્લેટ, શિતલનાથ પ્રભુ સોસાયટી ની બાજુમાં, નરોડા સ્મશાન ચાર રસ્તા પાસે નરોડા) એ અગમ્ય કારણસર તા.૩૧/૧૦/૨૦૨૦ ના કલાક ૭/૩૦ થી બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે રસોડાની છતનાં ભાગે લાગેલ હુકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજીતસિંહ કલ્યાણસિંહ ચલાવે છે.

**નિકોલ** : અલ્પાબેન વા/ઓ ગીરીશભાઇ પટેલ (ઉ.વ.૪૦)(રહે.ભક્તી એંકવેલ, ભકતી સર્કલ પાસે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૩૧/૧૦/૨૦૨૦ રાતના ૮/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે બેડરૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી